




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-25 ■ તા. 13-06-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં સતત વધારો : પેટ્રોલ ૧૦૦ રૂ.ને પાર

**જૂનમાં ૬ વખત ભાવ વધ્યા, મે મહિનામાં પેટ્રોલમાં ૪.૦૯નો વધારો થયો હતો, મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૨ની ઉપર પહોંચ્યો,પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ મુદ્દે કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કર્યું, લોકોને રાહત આપવા માંગ કરાઈ**

*ન્યુ દિલ્હી,તા.૧૧*

દેશમાં કોરોનાનાં કેસ હવે ઝડપથી ઘટી રહ્યા છે. પરંતુ બીજી તરફ પેટ્રોલ અને ડીઝલનાં ભાવમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે. આજે પેટ્રોલનો ભાવ આકાશને સ્પર્શે તેટલો થઇ ગયો છે. એક દિવસના વિરામ બાદ આજે ડીઝલ પેટ્રોલના ભાવ બદલાયા છે. આજે પેટ્રોલનાં દરમાં ૨૯ પૈસાનો વધારો થયો છે. વળી ડીઝલનાં દરમાં ૨૮ પૈસાનો વધારો થયો છે.આપને જણાવી દઈએ કે ગુરુવારે ક્રૂડ ઓઈલનાં ભાવમાં નરમાશ જોવા મળી હતી, જે પછી આજે એટલે કે ૧૧ જૂને પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આજે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૫.૮૫ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે, જ્યારે ડીઝલની કિંમત પ્રતિ લિટર ૮૬.૭૫ રૂપિયા પર પહોંચી ગઈ છે. મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૧૦૨ પ્રતિ લીટરની પાર થઈ ગયો છે. જ્યારે ડીઝલ ૯૪ ઉપર છે. આપને જણાવી દઈએ કે, આ વર્ષે પેટ્રોલની કિંમતમાં લગભગ ૧૪ ટકાનો વધારો થયો છે. વળી પેટ્રોલનાં ભાવમાં ૨૫-૨૯ પૈસા પ્રતિ લિટર અને ડીઝલમાં ૨૭-૩૦ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે.

માર્ચ એપ્રિલમાં પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન પેટ્રોલ ડીઝળની કિંમતમાં મોટો ફેરફાર થયો ન હતો. બે મેના રોજ ચૂંટણીના પરિણામ બાદ ચાર મેથી કિંમત વધવાની શરૂ થઈ ગઈ. મેમાં કુલ ૧૬ વખત પેટ્રોલની કિંમતમાં વધારો થયો. દિલ્હીમાં મે મહિનામાં પેટ્રોલ ૩.૮૩ રૂપિયા અને ડિઝલ ૪.૪૨ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થયુ. જ્યારે જૂનમાં અત્યાર સુધીમાં ૬ વખત પેટ્રોલની કિંમત વધી છે. જૂનમાં પેટ્રોલ ૧.૬૬ રૂપિયા જ્યારે ડિઝલ ૧.૬ રૂપિયા મોંઘું થયું છે. વર્ષ ૨૦૨૧માં અત્યાર સુધી કિંમત ૪૮ વખત વધી છે. આ દરમિયન પેટ્રોલ ૧૨.૧૪ રૂપિયા મોઘું થયું છે.વર્ષ ૨૦૧૪-૧૫માં પેટ્રોલ ૬૬ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૫૦ રૂપિયા પ્રતિ લિટર હતું. આજે ૨૦૨૧માં પેટ્રોલ ૯૫ રૂપિયા અને ડીઝલ ૮૬ રૂપિયા પ્રતિ લિટરે પહોંચી ગયું છે. ભારતના કેટલાક ૧૩૫ જિલ્લામાં તો પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયું છે.



## દેશમાં સતત ચોથા દિવસે એક લાખથી ઓછા કેસ

# ભારતમાં કોરોનાના નવા કેસ એક લાખની અંદરઃ ૩,૪૦૩નાં મોત

*ન્યુ દિલ્હી,તા.૧૧*

ભારતમાં કોરોનાના કેસની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે, નવા કેસનો આંકડો એક લાખની અંદર પહોંચ્યા પછી તેમાં ઘટાડો થઈ રહ્યો છે. ગુરુવારે દેશમાં ૯૧ હજાર નવા કેસ નોંધાયા છે. આ પહેલા બુધવારે ૯૪ હજાર કેસ નોંધાયા હતા.



કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૧,૭૦૨ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૩,૪૦૩ દર્દીઓના જીવ ગયા છે, નવા કેસમાં મોટો ઘટાડો થઈ ગયો હોવા છતાં હજુ પણ મૃત્યુઆંકમાં જે ગતિથી ઘટાડો નોંધાઈ રહ્યો છે તે ચિંતા જન્માવી રહ્યા છે. બીજી તરફ સાજા થનારા દર્દીઓની સંખ્ય પણ નવા કેસ કરતા મોટી હોવાથી એક્ટિવ કેસમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે.

ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા વધીને ૨,૯૨,૭૪,૮૨૩ થઈ ગઈ છે. મૃત્યુઆંક ૩.૬૦ લાખને પાર કરીને ૩,૬૩,૦૭૯ પર જતો રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં ૧,૩૪,૫૮૦ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૭૭,૯૦,૦૭૩ પર પહોંચી ગઈ છે. દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડવાની સાથે ૪૦ લાખ પર પહોંચેલા એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૧ લાખ પર પહોંચી ગઈ છે. પાછલા ૨૪ કલાકના આંકડા પ્રમાણે દેશમાં ૧૧,૨૧,૬૭૧ એક્ટિવ કેસ છે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં કોરોનાની રસીનો આરંભ કરવામાં આવ્યો હતો, જેમાં આજે સવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે કુલ ૨૪,૬૦,૮૫,૬૪૯ ડોઝ આપવામાં આવ્યા છે.

ઁઝસ્ઈ મુજબ દેશમાં કોરોના સામે લડવા માટે કુલ ૩૭,૪૨,૪૨,૩૮૪ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી પાછલા ૨૪ કલાકમાં કુલ ૨૦,૪૪,૧૩૧ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી.

## હવામાન વિભાગે પોતાનો માસિક રિપોર્ટ જાહેર કર્યો

# ૧૨૧ વર્ષ પછી આ વર્ષે મે મહિનામાં સૌથી વધારે વરસાદ પડ્યો

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે પોતાનો માસિક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, આ વર્ષે મે મહિનો સૌથી વધારે વરસાદ મામલામાં ૧૨૧ વર્ષમાં બીજા નંબર પર રહ્યું છે. ૨ વાવાઝોડાના કારણે આ થયું છે.

આઈએમડીએ એ પણ કહ્યું હતું કે, ભારતમાં ઘણી વાર મે મહિનામાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૪.૧૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્ષ ૧૯૦૧ પછી ચોથું સૌથી ઓછું તાપમાન હતું. તે વર્ષ ૧૯૭૭ પછી સૌથી ઓછું છે, જે મહત્તમ તાપમાન ૩૩.૮૪ ડિગ્રી સેલ્સિયસ રેકોર્ડ કરવામાં આવ્યો હતો.આઈએમડીએ કહ્યું હતું કે, ભારતના કોઈ પણ ભાગમાં મે મહિનામાં લૂ નહતી લાગી. દેશમાં મે ૨૦૨૧માં ૧૦૭.૯ મિમી વરસાદ થયો છે, જે સરેરાશ ૬૨ મિમીથી વધારે છે. આ પહેલા વર્ષ ૧૯૯૦માં મહત્તમ વરસાદ ૧૧૦.૭ મિમી થઈ હતી. મે મહિનામાં અરબ સાગર અને બંગાળની ખાડીમાં વાવાઝોડું આવ્યું હતું. અરબ સાગરમાં તાઉતે વાવાઝોડું આવ્યું તો બંગાળની ખાડીમાં યાસ વાવાઝોડું આવ્યું હતું.

# દુનિયાને કોરોના-રસીના ૧-અબજ ડોઝનું દાન કરશે G7

લંડન,તા.૧૧

દુનિયાના સાત સૌથી સમૃદ્ધ દેશોના સમૂહ ૭ (ગ્રુપ ઓફ સેવન)ના વડાઓનું ત્રણ-દિવસીય શિખર સંમેલન બ્રિટનના કોર્નવોલમાં શરૂ થઈ ગયું છે. દુનિયામાં ફેલાયેલી કોરોનાવાઈરસ મહાબીમારી વિશે ૭ વડાઓએ ચિંતા વ્યક્ત કરી છે અને દુનિયાના અત્યંત ગરીબ દેશોને કોરોના-પ્રતિરોધક રસીઓના કુલ એક અબજ ડોઝનું દાન કરવાનો તેમણે સંકલ્પ કર્યો છે. આમાં ૫૦ ટકા (૫૦ કરોડ ડોઝ) હિસ્સો અમેરિકાનો છે. બ્રિટન એક વર્ષની અંદર ઓછામાં ઓછા ૧૦ કરોડ ડોઝનું દાન કરશે. જી-૭ના સભ્યો – ફ્રાન્સ અને જર્મનીએ ૩-૩ કરોડ ડોઝ અને યૂરોપીયન યૂનિયને ૧૦ કરોડ ડોઝ આપવાની જાહેરાત કરી છે.દેશોને રસીના ડોઝ વહેંચણી અને આર્થિક સહાયતાની નક્કી કરાયેલી એક યોજનાને આધારિત પૂરા પાડવામાં આવશે. ૮૦ ટકા ડોઝ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ઘડેલી 'કોવેક્સ સ્કીમ' મારફત ફાળવવામાં આવશે. કોરોનાવાઈરસના ફેલાવા બાદ વધારે સારું વિશ્વ બનાવવાનો સંકલ્પ કરવાની બ્રિટનના વડા પ્રધાન બોરીસ જોન્સને જી૭ને અપીલ કરી છે. જી૭ની સ્થાપના ૧૯૭૦ના દાયકામાં કરવામાં આવી હતી. તે પછી આ દેશોના વડાઓનું આ ૪૭મું શિખર સંમેલન છે. કોર્નવોલના કાર્બિસ બે ખાતે તેનું આયોજન થઈ રહ્યું છે. બ્રિટન આ છઠ્ઠી વાર યજમાનપદ સંભાળી રહ્યું છે. જી૭માં આ દેશો સભ્ય છેઃ અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાન્સ, ઈટાલી અને કેનેડા. યૂરોપિયન યૂનિયન પણ આ ગ્રુપમાં સામેલ છે.

# ઉત્તરપ્રદેશમાં રાજકીય હલચલઃ વડાપ્રધાન મોદીને મળ્યા યોગી

*ન્યુ દિલ્હી,તા.૧૧*

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. જેને પગલે અત્યારે લખનઉથી લઈને દિલ્હી સુધી રાજકિય હલચલ વધી રહી છે. ઉત્તર પ્રદેશમાં મંત્રીમંડળના વિસ્તાર અને સંગઠનમાં ફેરફાર તેમજ યોગી અને મોદી વચ્ચે ઘર્ષણની વાતો વચ્ચે આજે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. બંને નેતાઓ વચ્ચે વડાપ્રધાન આવાસ પર દોઢ કલાક લાંબી બેઠક ચાલી.

જાણવા મળતી માહિતિ પ્રમાણે આ બેઠકની અંદર યોગીએ વડાપ્રધાનને પોતાની સરકારના ચાર વર્ષના કામનો રિપોર્ટ આપ્યો છે. આ સાથે જ બંને વચ્ચે યુપી કેબિનેટના વિસ્તારને લઈને પણ ચર્ચા થઇ છે. સાથે જ આગામી વિધાનસભા ચૂંટણી અંગે પણ વાતચીત થઇ. વડાપ્રધાન મોદી સાથે મુલાકાત બાદ યોગી આદિત્યનાથ ભાજપના રાષ્ટ્રીય



અધ્યક્ષ જેપી નડ્ડાને પણ મળ્યા હતા.વડાપ્રધાન સાથેની મુલાકાત બાદ યોગી આદિત્યનાથે ટ્વિટ કરી કે જે આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે નવી દિલ્હીમાં શુભેચ્છા મુલાકાત કરી અને માર્ગદર્શન પ્રાપ્તિનું સૌભાગ્ય મળ્યું. પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી મુલાકાત માટેનો સમય આપવા બદલ અને આત્મીય માર્ગદર્શન કરવા માટે આદરણીય વડાપ્રધાનનો આભાર.

આ પહેલા ગઇ કાલે એટલે કે ગુરુવારે યોગી આદિત્યનાથે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે યોગીની વડાપ્રધાન સાથેની મુલાકાત પહેલા જેપી નડ્ડા અને નરેન્દ્ર મોદી વચ્ચે ઉત્તર પ્રદેશ ચૂંટણી, સંગઠન, કેબિનેટના વિસ્તારને લઈને લાંબી ચર્ચા થઇ હતી.

## યોગગુરુ બાબા રામદેવનો એકાએક યુ-ટર્ન

# કોરોના રસી લેવા બાબા રામદેવ તૈયારઃ ડોક્ટરોને દેવદૂત ગણાવ્યા

દહેરાદૂન,તા.૧૧

એલોપથી વિરુદ્ધ આયુર્વેદના જંગની વચ્ચે બાબા રામદેવ ફરી એક વાર ચર્ચામાં છે. યોગગુરુએ કહ્યું હતું કે તેઓ હવે કોરોનાની રસી લેવા માટે તૈયાર છે. તેમણે ડોક્ટરોને પૃથ્વી પર ભગવાનના દૂત- 'દેવદૂત' પણ ગણાવ્યા હતા. બાબા રામદેવે કોરોના સંક્રમણ પર એલોપથી દવાની સાઈડ ઈફેક્ટને લઈને વિવાદિત નિવેદનો કર્યાં હતાં. જેને લીધે વિવાદ શરૂ થયો હતો, જેથી મેડિકલ ક્ષેત્રના લોકો બાબા રામદેવથી નારાજ હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૨૧ જૂનથી બધાને મફત કોરોનાની રસી લાગશે તો સ્વામી રામદેવે મોદીના પગલાનું સ્વાગત કરતાં કહ્યું હતું કે એ એકદમ યોગ્ય પગલું છે. બધાને કોરોનાની રસી લાગવી જોઈએ. ઉત્તરાખંડના હરિદ્વારમાં મિડિયાને સંબોધિત કરતાં તેમણે કહ્યું હતું કે કોરોનાની રસીના બે ડોઝ લાગ્યા પછી યોગ અને આયુર્વેદથી ડબલ પ્રોટેક્શનનો લાભ મળશે. જેથી કોરોનાથી એક પણ વ્યક્તિનું મોત નહીં થાય, એમ બાબા રામદેવ કહે છે.તેમને જ્યારે એ સવાલ પૂછવામાં આવ્યો હતો કે તમે ક્યારે રસી લગાવશો? એના જવાબમાં તેમણે કહ્યું હતું કે બહુ જલદી. બાબા રામદેવે એલોપથિક ડોક્ટરોની પ્રશંસા કરતાં તેમણે દેવદૂત ગણાવ્યા હતા.

## સરકારે કોવિશીલ્ડ વેક્સિનના બે ડોઝ વચ્ચેનું અંતર ઓછું કર્યું

# હવે કોવિશિલ્ડ વેક્સિનનો બીજો ડોઝ ૨૮ દિવસ બાદ લઈ શકાશે

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રાલયે એકવાર ફરી કોવિશીલ્ડના પહેલા અને બીજા ડોઝની વચ્ચેનું અંતર ઓછું કરી દીધું છે. બીજા ડોઝની ગેપ ૨ વાર વધારી દેવામાં આવી, પરંતુ આ વખતે આ ગેપ ઘટાડવામાં આવી છે. આ ફક્ત એમના માટે છે જેઓ વિદેશ યાત્રા કરી રહ્યા છે. નવી ગાઈડલાઈન બાદ હવે કેટલીક શ્રેણી માટે ૮૪ દિવસની રાહ જોવાની જરૂરિયાત નથી. હવે ૨૮ દિવસ બાદ પણ કોવિશીલ્ડનો બીજો ડોઝ લગાવવામાં આવી શકે છે. જો કે કોવેક્સિન માટે બે ડોઝની વચ્ચેનું અંતર અત્યારે પણ ૨૮ દિવસ જ છે. તેમાં કોઈ બદલાવ કરવામાં નથી આવ્યો.કોવિશીલ્ડના બંને ડોઝના ગેપમાં ત્રીજીવાર બદલાવ કરવામાં આવ્યો છે. ૧૬ જાન્યુઆરીથી શરૂ થયેલા વેક્સિનેશનમાં પહેલા ૨૮ દિવસથી ૪૨ દિવસ સુધીનું અંતર હતુ. પછી ૨૨ માર્ચના આ ગેપ વધારીને ૬-૮ અઠવાડિયા કરી દેવામાં આવ્યું. ત્યારબાદ ૧૩ મેના આ અંતર ૧૨-૧૬ અઠવાડિયા કરી દેવામાં આવ્યું. સ્વાસ્થ્ય મંત્રાલયની નવી ગાઈડલાઈન એમના માટે છે જેઓ કોવિશીલ્ડનો પહેલો ડોઝ લગાવી ચુક્યા છે અને વિદેશ યાત્રા પર જવાનું છે.આ વિદેશ યાત્રા અભ્યાસ, રોજગાર અને ઓલમ્પિક ટીમ માટે થઈ શકે છે. આવા લોકોને કોવિશીલ્ડના બીજા ડોઝ માટે ૮૪ દિવસની રાહ નહીં જોવી પડે. તેઓ આ પહેલા પણ બીજો ડોઝ લગાવી શકે છે. આ પહેલા પંજાબના સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિંહ સિદ્ધુએ મંગળવારના કહ્યું કે, એ લોકોને કોવિશીલ્ડના પહેલા ડોઝના ૨૮ દિવસના અંતરાળ બાદ બીજો ડોઝ આપવામાં આવશે, જેમના માટે વિશેષ કારણોથી વિદેશ જવું જરૂરી છે. સિદ્ધુએ કહ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિમવામાં આવેલા યોગ્ય અધિકારી ૮૪ દિવસ સુધીના નક્કી કરવામાં આવેલા અંતરથી પહેલા પરવાનગી આપતા પહેલા તપાસ કરશે.તેમણે કહ્યું કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે ૨૮ દિવસ પહેલા પ્રથમ ડોઝ લઈ ચુકેલા લોકોને રસી ઉપલબ્ધ કરાવવાની ભલામણ કરી છે. સિદ્ધુએ નિવેદનમાં કહ્યું કે, આ સંબંધમાં આગળની કાર્યવાહી માટે તમામ ઉપાયુક્તોને નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે, જેથી મોટાભાગના લાભાર્થીઓનું રસીકરણ કરવામાં આવી શકે.

# અમેરિકા વણવપરાયેલી આઠ કરોડ વેક્સિનમાંથી ભારતને પણ હિસ્સો આપશે

વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકાએ પોતાની વણવપરાયેલી આઠ કરોડ વૅક્સિન વિશ્ર્વના દેશોને આપવાની જે જાહેરાત કરી છે, એમાંથી ભારતને પણ હિસ્સો મળશે.

અમેરિકાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘનું પીઠબળ ધરાવતા કોવેક્ષ કાર્યક્રમ હેઠળ ભારતને પણ વૅક્સિન મોકલવામાં આવશે.અમેરિકાના પ્રમુખ જો બાઈડેને બીજી જૂને એવી જાહેરાત કરી હતી કે અમેરિકા પોતાના કોવિડ-૧૯ની રસીના પહેલા અઢી કરોડ ડોઝમાંથી અંદાજે ૭૫ ટકા ડોઝ કોવેક્ષ કાર્યક્રમ હેઠળ દક્ષિણ અને ઈશાન એશિયા તથા આફ્રિકાને આપશે. અમેરિકાએ જૂનના અંત સુધીમાં કુલ આઠ કરોડ વૅક્સિનના ડોઝ વિશ્ર્વના દેશોને આપવાની જાહેરાત કરી છે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા નેડ પ્રાઈઝના જણાવ્યા અનુસાર વૅક્સિનના ડોઝ ભારતમાં ક્યારે પહોંચશે, એ વિશે મારી પાસે કોઈ માહિતી નથી, પણ કોવેક્ષ કાર્યક્રમ હેઠળ ભારતને આઠ કરોડ ડોઝમાંથી કેટલાક ડોઝ ચોક્કસ મળશે. મારા અંદાજ પ્રમાણે એ રિજન માટે સાઈઠ લાખ વૅક્સિનના ડોઝ નક્કી કરાયા છે.અમે જાણીએ છીએ કે આ રોગચાળાની ભારત પર અત્યંત માઠી અસર થઈ છે. રસી આપવાની જાહેરાત અગાઉ અમે જે રીતે ભારતને રોગચાળામાંથી નીકળવા માટે મદદ કરી હતી એમ અમે આ વખતે પણ એમને મદદ કરીશું.

# તંત્રી લેખ


## જીડીપી દર વધારતા મુખ્ય સામાન્ય વર્ગને સરકાર આર્થિક રીતે બેઠો કરી શકશે.....?

દેશમાં અત્યારના કપરા સમયમાં રમાતા રાજકીય પક્ષોના આટાપાટાએ આમ પ્રજાના ભવા ઊંચા કરી નાખ્યા છે. સત્તાધારી પક્ષની નજર આવનાર પાંચ રાજ્યોની ચૂંટણી પર મંડરાયેલી છે. જ્યારે કે તેની ફરજ અને તાતી જરૂર દેશના અર્થતંત્રના વિકાસને મજબૂત ગતિ આપતા સામાન્ય લોકો તરફ આપવાની જરૂર છે. કારણ સામાન્ય લોકો દ્વારા કરવામાં આવતો વપરાશી ખર્ચ જે છે તે પરિવારને જરૂરી ચીજ,વસ્તુ, માલ સામાન માટેની માંગ જીડીપીના ૫૫ ટકા જેટલી છે. સામાન્ય લોકોનો ખર્ચ ૨૦૧૭ પછી ખાનગી વપરાશી ખર્ચ ઘટાડવા તરફ વળી ગયો છે. જેના કારણમા કરકસર હોય કે આવક ઓછી થઈ ગઈ હોઈ શકે...! કારણ ગમે તે હોય... ટુકમાં ખાનગી વપરાશી ખર્ચમા ઘટાડો થયો છે તે એક હકીકત છે.... ત્યારે સરકાર જો આ સામાન્ય વર્ગને ટેકો નહી આપે તો દેશમાં કોરોના મહામારીને કારણે ઉદભવેલા જીડીપી ગ્રોથના ચક્રવ્યુહમાથી બહાર નીકળવાની શક્યતા નહિવત્ બની શકે છે..... કદાચ નીકળી પણ ન શકાય.....! ભારતે રોજગારી ઊભી કરવામાં સૌથી ખરાબ દેખાવ કર્યો છે.... ૨૦૧૭- ૧૮માં સરકારના સર્વે મુજબ દેશમાં બેરોજગારીનો દર ૪૫ વર્ષની સૌથી ઊંચી સપાટીએ હતો...... અને આ બધું નોટબંધી અને જીએસટીનો અમલ કર્યા બાદ થયું છે. ત્યારબાદ ૨૦૧૯ દરમ્યાન કામ,ધંધો, નોકરી કરતા ૯૦ લાખ જેટલા લોકોની સંખ્યા ઘટી ગઈ.... દેશમાં બેરોજગારીનો દર ૬ થી ૭ ટકાના દરે વધવા લાગ્યો. તેમાં કોરોના મહામારીએ મોટો ફટકો માર્યો અને કરોડો લોકોએ નોકરી ગુમાવી....! તેમજ નવી રોજગારીની ઊભી ન થતાં દેશમાં બેરોજગારીનો પ્રશ્ન દિવસે દિવસે ગંભીર બનતો જઈ રહ્યો છે.....!

દેશમાં કોરોના મહામારરીએ સામાન્ય લોકોની નોકરીઓ અને વેપાર ધંધા ઉપર બેહદ અસર કરી છે ઘણા સમયથી આર્થિક મંદીનો માર સહન કરતી દેશની પ્રજા સરકાર અને ડોક્ટરો સામે યાચના ભરી નજરે જુએ છે.....જો કે સરકારે દેશભરમાં મફત વેક્સિન આપવાની અને અનાજ સહાય આપવાનું શરૂ કરતા પ્રજામાં થોડા અંશે રાહત થવા પામી છે....છતાંય આમ પ્રજા નોકરી,ધંધા તેમજ આર્થિક સહાય મળે તેવું ઈચ્છી રહી છે.જોકે દેશની આર્થિક રાષ્ટ્ર વ્યવસ્થા ઘાયલ થઈ ગઈ છે....એટલે સરકાર માટે પણ વિટંબણા છે. દેશની આર્થિક વ્યવસ્થા જાળવી રાખવા સરકારી કર્મચારીઓનો પગાર વધારો અટકાવી દીધો છે તો અમુક દિવસનો પગાર દાનમાં લેવામાં આવ્યો છે. સરકારે એક મોટી ભૂલ કરી છે કે નવી પેન્શન સ્કીમ દાખલ કરીને જો જૂની સ્કીમ અમલમાં હોત તો સરકાર પાસેના ભંડોળમાં કમી ઉભી ન થઈ હોત.બીજી તરફ ખાનગી નોકરી કરતા લોકોની હાલત કફોડી બની ગઈ છે. ત્યારે જેનો ડર મ પ્રજામાં છે તે કોરોનાની ત્રીજી લહેર ત્રાટકશે તો કેવા પરિણામો આવશે.....? અને જો એવું બને તો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન,ઝારખંડ,હિમાચલ પ્રદેશ ની આર્થિક હાલત વધુ બગડી શકે છે. નિષ્ણાતોના કહેવા અનુસાર કેન્દ્ર સરકારે મોટા પ્રમાણમાં નાણાં એકત્ર કરી દેશના રાજ્યોને આપવા પડશે.

# સદાબહાર સુર - ૨૪

## અવિનાશ વ્યાસ




કુદરતનો ક્રમ છે આવન-જાવનનો. દિવસ શરૂ થાયને સૂર્યદેવના આગમન સાથે ચંદ્ર વિદાય લે ત્યારે આકાશ કે પૃથ્વીને એનો જુદાગરો લાગતો હશે? પહાડોમાંથી વહી જતા ઝરણાના પાણી જોઈને પહાડનું હૃદય આદ્ર બનતું હશે? પાંદડું ખરે ત્યારે ઝાડને પીડા થતી હશે કે પછી પંખીને પાંખ આવે અને એ ઊડી જાય ત્યારે વૃક્ષને એનો વિરહ સાલતો હશે એની તો આપણને કંઈ ખબર નથી હોતી પણ જ્યાં એક વ્યક્તિ બીજી વ્યક્તિથી જુદી પડે ત્યારે એનો જરૂર જુદાગરો સાલતો જ હશે. આ જુદાગરો ય પાછો જુદા જુદા પ્રકારનો હોં કેપ.

અને આ સૌ જુદાગરામાં તો સૌથી વસમો જુદાગરો તો બે પ્રેમીઓનો..

આ પહેલા પ્રણયગીતોને માણ્યા અને પ્રણય હોય ત્યાં મળવાની સાથે જુદા ય પડવાનું આવે એટલે પ્રણયગીતોની જેમ જ આ વિરહ, વિયોગ, વલવલાટને કવિઓએ ગીતકારોએ એવી રીતે તો શબ્દોમાં ઢાળ્યા છે કે એ વિરહ પણ જાણે માણવા જેવો અનુભવ ના હોય? તો પછી આપણા લાડીલા ગીતકાર અવિનાશ વ્યાસ એમાંથી બાકાત રહે ખરા? એ તો વળી એવું કહે છે કે ઘણીવાર તો મળવામાં જે મઝા હોય એનાથી વધુ મઝા ઝૂરવાની છે. પ્રિયતમ પાસે હોય ત્યારે જે પ્રીતનો પરિચય થાય એના કરતાં ય વધુ એ દૂર થાય ત્યારે સમજાય છે.

**પ્રીતિનું પુષ્પ ખીલે છે**
**ઘડીભરની જુદાઈમાં**
**અજંપો લાગતો મીઠો મીઠો**
**પ્રીતની સગાઈમાં**

અને એટલે જ એ પ્રિયતમાને કહે છે કે પ્રિયા તો આવે અને જાય પણ ખરી પણ એની યાદ તો સદાય સ્મરણમાં જ રહેવાની. પ્રિયતમાની હાજરી ઘડીભરની ય હોઈ શકે પણ એની યાદ તો દિલ સાથે સદાય જોડાયેલીપ ઘણીવાર જે દેખાય એના કરતાં જે ન દેખાય એ વધારે સુંદર હોઈ શકે.

**યાદ છે ને એ ગીત?**

**આવો તો યે સારુ, ન આવો**
**તો યે સારુ,**
**તમારું સ્મરણ છે તમારાથી**
**પ્યારું**

**આવો ને જાઓ તમે ઘડી**
**અહીં ઘડી તહીં**
**યાદ તો તમારી મીઠી અહીં**
**ની અહીં રહીપ**

હવે આ ગીતની મઝા જુવોપ એક રીતે જોઈએ તો પ્રિયતમા તો આવે એ જ ગમે પણ ન આવે તો મન તો મનાવવું પડે ને? પાછું મન મનાવવાની રીત પણ કેવી મઝાની?

અવિનાશ વ્યાસ કહે છે કે

**મિલનમાં મજા શું, મજા**
**ઝુરવામાં**
**બળીને શમાના, પતંગો**
**થવામાંપ..**

આ પ્રીત છે જ એવી કે એમાં પડેલાને મળવાની સાથે બળવાની મઝા ય લેવી હોય છે.

અવિનાશ વ્યાસની બીજી એક રચના યાદ આવે છે અહીં પ્રેમીની યાદમાં તડપતી પ્રિયાની લાગણીઓ વ્યક્ત થઈ છે. ગીતકાર કહે છે કે

**સપનામાં આવી તું કેમ**
**સતાવે, તારી યાદમાં મને નિંદરુ ન**
**આવે**

વળી અહીં ફરિયાદની સાથે મીઠી મૂંઝવણ , મનની અકળામણ પણ છે ખરી..

એ કહે છે કે

**આમ તને જોઈને મને રોષ**
**બહુ આવે, પણ પાંપણ તો પ્રીતનું**
**પાથરણું બિછાવે**
**મનડાના મંથનમાં કેમ તું**
**મૂંઝાવે, તારી યાદ મારે મને નિંદરું**
**ન આવે.**

અવિનાશ વ્યાસની ગીત રચનામાં એવી ખૂબી છે કે એ પ્રિયતમ હોય કે પ્રિયતમાના ભાવ હોય, એ બંનેના ભાવ સાંગોપાંગ નિરૂપે છે. કેવી રીતે આવા ભાવ એમના મનમાં ઊગતા હશે ?

હવે જ્યારે મિલનની અને વિરહની વાત આવે ત્યારે પ્રેમની દુનિયામાં જેમનું નામ અને સ્થાન અમર છે એવી રાધા-કૃષ્ણની જોડી તો યાદ આવે જ અને રાધા-કૃષ્ણની કોઈપણ વાત તો કવિ, ગીતકાર, લેખકોની કેટલી માનીતી?

અવિનાશ વ્યાસે પણ રાધાના વિરહની વ્યથા અત્યંત ભાવવાહી રીતે શબ્દોમાં ઢાળી છે. રાધા એક એવું નામ કે જેના વગર કૃષ્ણ પણ અધૂરા લાગે એવી રાધાને એણે કેમ છોડી, ક્યારે છોડી એ પ્રશ્ન જ આમ જોવા જઈએ તો એટલે અસ્થાને છે કે સૌ જાણે છે કે ક્યારેય કૃષ્ણ મનથી તો રાધાથી અળગા રહી શક્યા જ નહોતા તો રાધાના દરેક શ્વાસની આવન-જાવન પર કૃષ્ણનું ય નામ હતું જ.

સનાતન કાળથી અદેહી જોડાયેલા રહ્યા પરંતુ એ દૈહિક રીતે તો અલગ જ રહ્યા ને? પાસે હોવાના, નજરની સામે હોવાના, જરા હાથ લંબાવીને એને સ્પર્શી લેવાના સુખથી તો એ વંચિત જ રહ્યા ને?

રાધા-કૃષ્ણનો પ્રેમ જેમ અમર રહ્યો એમ એમના વિરહના સંજોગો પણ કાયમી જ રહ્યા. આવી રાધાની મનોસ્થિતિ, એની વેદના, વ્યાકુળતાને અવિનાશ વ્યાસે શબ્દોમાં અમર કરી છે.

**કેમ રે વિસારી ઓ વનના**
**વિહારીપ**
**તારી રાધા દુલારીપ**
**વગડાની વાટે હું વાટડીયું**
**જોતી**
**ભુલ કીધી હોય તો હું**
**આંસુડે ધોતી**
**વેગળી મુકીને મને મુરલી**
**ધારી**
**તારી રાધા દુલારી**
**નિત્ય નિરંતર મુજ**
**અંતરમા**
**તુજ વાજીંતર બાજે**
**કહે ને મારા નંદ દુલારા**
**હૈયું શેને રાજી**
**તારી માળા જપતી વનમાં**
**ભમતી આંસુ સારી**

રાધાની વિરહ વેદનામાં પ્રેમનગરમાં વિહરતી સૌ પ્રેમિકાને પોતાની જ લાગવાનીપ.. જો કે ઈચ્છીએ કે ભલે શબ્દોમાં આ ભાવ અજબ રીતે ઝીલાતો હોય પણ આવા સંજોગો કોઈના પ્રેમ આડે ન આવે




## ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પેટ્રોલ-ડિઝલના ભાવ મુદ્દે કોંગ્રેસનો હલ્લાબોલ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર કોંગ્રેસ પક્ષ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો અને ધરણા કર્યા હતા. કોંગ્રેસ પક્ષના રાજ્યવ્યાપી ધરણા, પરંતુ ધારણામાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન ભૂલાયું હતું. મોંઘવારીએ માઝા મૂકી છે, ત્યારે અબ કી બાર પેટ્રોલ ૧૦૦ કે પારના નારા લગાવ્યા હતા. આ ધરણા લાબો સમય ચાલે એ પહેલા જ એકથી દોઢ કલાકમાં પોલીસે કોંગ્રેસી નેતાઓની અટકાયત કરી હતી.

પેટ્રોલ-ડીઝલના કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવતા પોલીસ દ્વારા કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ગાંધીનગરના ધારાસભ્ય સી.જે.ચાવડા સહિતના કોંગ્રેસી નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ મામલે અબ કી બાર ૧૦૦ કે પાર અને હાય હાય મોંઘવારીના નારા લગાવ્યા હતા. એક પછી એક કોંગ્રેસી નેતાઓ આવતા અને સૂત્રોચાર કરતા મામલો ઉગ્ર બનતા પોલીસ દ્વારા કોંગ્રેસના નેતાઓની અટકાયત કરવામાં આવી હતી.

આ દેશની જનતા પાસેથી વોટ લીધા અને સત્તા પર બેઠા છે. ચારે તરફ કોરોનાની મહામારી છે, ત્યારે પ્રજાની મદદ કરવાની હોય, તેની જગ્યાએ મોંઘવારી વધારવામાં આવી રહી છે. લોકોને આ સમયે ઘર ચલાવવું મુશ્કેલ થઈ રહ્યું છે, ત્યારે સરકાર તેમના કાર્યક્રમોમાં અને

## કોરાના બીમારીને લઈને રકતદાન પ્રવૃતિ પર ખૂબ અસર પડી છે રકતદાતાઓ રકતદાન કરી દર્દીઓનાં જીવન બચાવે

'પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રક્તની જરૂરીયાત ઉભી થઇ છે. જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની હોસ્પિટલોમાં, સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો સારવાર માટે આવે છે. હાલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. ૧૮ થી ૪૫ વર્ષની વય જુથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચુક રકતદાન કરે (રસી મુકાવ્યાના ૧૫ દિવસ પછી રક્તદાતા રક્તદાન કરી શકે)

વિશ્વભરના દેશો દરવર્ષે ૧૪મી જૂનનો દિવસ ×વિશ્વ રક્તદાતા દિવસ× તરીકે મનાવે છે. આ દિવસે અનેક કાર્યક્રમો દ્વારા સલામત રકત અને રકત ઉત્પાદનો પ્રત્યે જાગૃતી લાવવામાં આવે છે અને અન્યોના જીવન બચાવવા માટે સ્વૈચ્છિક રક્તદાન કરનાર રકતદાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવે છે. સમયસર સલામત રક્ત અને રકત ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવા મુદ્દે વધુ જાગૃતી પેદા કરાવવામાં તમામ દેશા માટે આવશ્યક છે. વિશ્વના અનેક દેશોમાં સલામત અને પુરતા પ્રમાણમાં રકત ઉપલબ્ધ નથી હોતું તે મોટો પડકાર છે અને યોગ્ય તથા સલામત પધ્ધતિથી રકત અને રકત ઉત્પાદનો ચડાવવામાં પણ આવતા નથી હોતા. ઉંમર ૧૮ થી ૬૦ વર્ષના કોઈ પણ વ્યક્તિ કે જેનુ વજન ૪૫ કિલો કે તેથી વધુ તેમજ હિમોગ્લોબિન ૧૨.૫ ગામ કે તેથી વધુ હોય તે દર્દી નારાયણ, દરીદ્ર નારાયણ, થેલેસેમીયા પીડીત બાળકોનુ જીવન બચાવવા સ્વૈચ્છિક રકતદાન કરી શકે છે. રક્તદાન કરનાર રકતદાતાઓ પોતાના બ્લડ ગૃપ જાણી શકે છે તેમજ એઇડઝ, 'બી' પ્રકારનો કમળો, વી.ડી.આર.એલ., 'સી' પ્રકારનો કમળો, મેલેરીયા વગેરે પ્રકારના ટેસ્ટ વિનામૂલ્યે થઇ જાય છે. સ્વૈચ્છિક રકતદાન એ ઉમદા માનવ ધર્મ છે અને સ્વૈચ્છિક રકતદાન કરવાથી અનેરો આત્મસંતોષ પ્રાપ્ત થાય છે. રકતદાન કરનાર સ્ત્રીઓ માસિક ધર્મમાં ન હોવી જોઈએ. રકતદાતાઓ ને કોઈ રોગની દવાઓ ચાલતી ન હોવી જોઈએ. મેલેરીયા, ન્યુમોનીયા અથવા તાવના દર્દીઓએ થોડા સમય રકતદાન કરવું હિતાવહ નથી. સામાન્ય સંજોગોમાં એકવાર રકતદાન કર્યા પછી ત્રણ માસ સુધી ફરી રક્તદાન કરવું જોઈએ નહિં.સામાન્ય પણે ત્રણ મહિને એક વખત કરવામાં આવતા રકતદાન સમયે ૩૦૦ થી ૪૫૦ મિલિનો જથ્થો લેવામાં આવે છે.

રક્તદાન વેળા લેવાયેલો રક્તનો જથ્થો માત્ર ૪૮ કલાકમાં શરીરમાં પુનઃનીર્માણ પામે છે,જયારે રક્તકોશિકા ૨૧ દિવસમાંજ તૈયાર થઈ જાય છે. જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાતા કોઈ રક્તની જરૂરીયાતવાળા દર્દીઓ માટે તેમને જીવનદાન બક્ષવા માટે આપણે સૌએ સ્વૈચ્છાએ કરવુ જોઈએ. રકતદાન આજન તમારૂ રક્તદાન કોઈકના જીવનદાન માટે, કદાચ કાલે તમને અને તમારા સ્નેહી સંબંધી ને પણ તેની જરૂર નહિ પડે તેની શી ખાતરી ? રકતદાન એ નવા જમાનાની નવી જવાબદારી છે, આપણે સૌએ સ્વૈચ્છાએ સ્વીકારેલો સામાજીક વેરો છે. રકતદાન કરવાથી કોઈ માડીનો જાયો, કોઈ બહેનનો વીર, કોઈના સેંથીનું સીંદુર, ભાઈ– બહેન, કોઈના વડીલ માતા–પિતા કે પછી થેલેસેમીયા પીડીત બાળકોની જીવનદોરી અવશ્ય બચી શકે છે. કોરાના બીમારીને લઈને રકતદાતા પ્રવૃતિ પર ખૂબ અસર પડી છે. રકતદાતાઓ રક્તદાન કરી દર્દીઓનાં જીવન બચાવે. રકતદાન– જીવનદાન.

સંકલન : અનુપમ દોશી (૯૪૨૮૨ ૩૩૭૯૬) –મિતલ ખેતાણી(૯૮૨૪૨ ૨૧૯૯૯)

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૫૭)

વર્ષા જાની

કોઈપણ વસ્તુની બાધા લેવી એટલે એનો ત્યાગ કરવો. એનાં પ્રત્યેનો લગાવ છોડવો.સમાજમાં આપણે ઘણીવાર કેટલાયના મુખે સાંભળીએ છીએ કે મેં આ વસ્તુની બાધા લીધી છે. મને ફલાણી વસ્તુ ભાવતી નથી એટલે મેં એની બાધા લઈ લીધી!આ તે કેવું? નથી ભાવતું કે નથી ગમતું એટલે એ વસ્તુની બાધા લેવાની? એ કાંઈ થોડો ત્યાગ કર્યો કહેવાય? આપણી પાસે જે વસ્તુ જ ન હોય તો એનો ત્યાગ કર્યો ક્યાંથી કહેવાય? આપણે એને ત્યાગી દીધી એવું તો હરગીઝ ન જ કહી શકાય!

કર્મ કર્યા વિના કર્મસન્યાસ શક્ય બની શકતો નથી. કોઈપણ માણસ પોતાની આશા, મહેચ્છાઓ પૂરી કરી શકતો નથી. એને પામવા માટે અથાગ પ્રયત્ન કરે, છતાંય એને મેળવી ન શકે,એટલે દુઃખી થાય.અને પછી હતાશ થઈને એ કામ છોડી દે. પછી એમ કહે કે મેં એનો ત્યાગ કરી દીધો! તો એ ત્યાગ, ત્યાગ ગણી શકાતો નથી. કોઈ વ્યક્તિને ઘરની, કુટુંબની, પત્નિ અને બાળકોની જવાબદારીમાંથી છટકવું છે! એનું ભરણપોષણ કરવા પોતે શક્તિમાન નથી!ત્યારે આવી વ્યક્તિ ગૃહત્યાગ કરે, એ કેટલે અંશે યોગ્ય ઠેરવી શકાય? પોતાની જવાબદારીના કર્મમાંથી પલાયન વૃત્તિ કરનાર એ વળી સન્યાસી કઈ રીતે કહેવાય!

ખરો ત્યાગ તો સિદ્ધાર્થનો હતો કે જે પોતે જીવનની જાહોજલાલી છોડીને, પોતાના તપના બળે ગૌતમબુદ્ધ બની ભગવાનની હરોળમાં સ્થાપિત થાય.રાજકુમાર રાહુલ પણ પોતાના ભોગવિલાસ છોડીને અહિંસાનો માર્ગ ગ્રહણ કરે, પોતાના જીવનને ઉજાગર કરી અન્યને પ્રેરણાદાયક બને.તો જ ખરું સન્યસ્ત ધારણ કર્યું કહેવાય. પોતાના યોગબળથી સન્યાસ મેળવીને જીવનનું બલિદાન આપનારા જ ખરાં અર્થમાં સન્યાસી!બાકી તો બીજા બધા પલાયન વૃત્તિ કેળવીને છટકનારા કહેવાય.અને કુટુંબની જવાબદારીમાંથી છટકીને પાછા મોટાં મોટાં આશ્રમો બાંધીને કઈ કેટલીય સેવિકાઓ પાસે પગચમ્પી કરાવનાર પણ હોય છે!એવાને સન્યાસી કઈ રીતે કહી શકાય?


શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરમ શિષ્ય અર્જુનને કહે છે, કે

संन्यासस्तु महाबाहो
दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मूनिर्ब्रह्म न
चिरेणाधिगच्छति ॥

અર્થાત.. હે મહાબાહુ!યોગ વગર સન્યાસ મેળવવો ખૂબ કઠિન છે. યોગયુક્ત મુનિ સત્વરે બ્રહ્મને પામે છે.

આત્મસાક્ષાત્કારની સાધનામાં યથાર્થ કર્મના સ્થાન વિશે પ્રાચીન સમયના અમર ઋષિઓ એવું માનતા હતા કે કર્મ કર્યા વિના કોઈપણ પ્રકારનો સન્યાસ અશક્ય જ છે. એ યોગ્ય જ છે. અને એ ઋષિમુનિઓ ભગવાન કૃષ્ણની ભગવદ્દગીતાના વિચારોને એ ચરિતાર્થ કરે છે.ભગવાન શ્રીકૃષ્ણએ પણ સચોટ રીતે કહ્યું છે કે કર્મ કર્યા વિના કર્મસન્યાસ સંભવિત જ નથી.

મનને શુદ્ધ કરવું પણ એટલું જરૂરી છે. તાંબા, પિત્તળના વાસણો ઘણાં સમયથી વપરાશ વગરના પડ્યાં હોય તો આપણે એને ચમકાવવા માટે લીબુ, આમલી જેવી ખટાશવાળી વસ્તુ લગાડીએ છીએ. કાં તો બજારમાં મળતાં ધાતુને ચમકાવવાના પાવડરથી ઘસીને ચમકાવીએ છીએ.આમ થોડીવારમાં જ વાસણ ઉપરનો કાટ, કાળાશ દૂર થઈ જાય છે. એવી જ રીતે સતકર્મો



કરીને આપણે મનને શુદ્ધ કરી શકીએ. મન ઉપર સદ્કાર્ય રુપી ચળકાટ લગાડવાથી મનનો મેલ દૂર થઈ જાય છે. તેથી આપણું અંતઃકરણ શુદ્ધ બને છે. યોગ્ય વિશુદ્ધ ભાવનાથી આચારવામાં આવેલા યથાર્થ કર્મો જ જીવનમૂડી બની રહે છે.

નિષ્કામ અને આસક્તિ વગરના કર્મ કરવામાં નિષ્ઠા હોવી જરુરી છે. જે માણસ આ કર્મના માર્ગમાં નિષ્ઠાવાન બનીને આગળ કર્મ કરતો રહે છે. તે માણસ માનસિક સ્વસ્થતા અને એકાગ્રતા બહુ ઝડપથી કેળવી શકે છે. એ લોકો પછી જીવનમાં આવતા દુઃખના દરિયામાં ડૂબી જતાં નથી.

કે મુશ્કેલીના પહાડ નીચે દટાઇ જતાં નથી. જીવનનાં ઝંઝાવતો સામે સ્વસ્થતા કેળવીને એમાંથી સરળતાથી પાર ઊતરી જાય છે. એને પરમત્વની અનુભૂતિ પામ્યાનો અહેસાસ થાય છે.

ધર્મ કરતા કર્મ ચડિયાતું છે,ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે,અને કર્મ કરો એટલે ભગવાનને આપવું પડે છે !! જ્યાં જ્યાં શુદ્ધ સાત્વિકતા ત્યાં ત્યાં નિરંતર પરમતત્વનો નિવાસ.. અહેસાસ...

વર્ષા જાની
ભાવનગર
૧૩જૂન ૨૦૨૧

### અનલોક અમદાવાદમાં બગીચા ખૂલ્યા, રિવરફ્રન્ટ-કાંકરિયા ખૂલતા જ નાગરિકો પહોંચ્યા

## રિવરફ્રન્ટ પુન શરૂ થતા જ લોકો સવારે વોક કરવા માટે તથા સાયકલિંગ કરવા માટે પહોંચ્યા

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં ઘણા લાંબા સમય બાદ આજે બાગ-બગીચા, જિમ,મંદિરો અને હોટલ ૫૦ ટકાની ક્ષમતા સાથે ખૂલવા જઈ રહ્યાં છે. ત્યારે શહેરમાં બાગ-બગીચાને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરનાં અલગ અલગ ગાર્ડનમાં લોકો વહેલી સવારથી જ વોકિંગ અને એક્સર્સાઈઝ કરવા માટે ઊમટયા હતા. લોકો હવે પોતાનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એ માટે અનેક પ્રકારની કસરત અને યોગા કરી રહ્યા હતા. નાના બાળકથી માંડીને વૃદ્ધ એમ તમામ વયના લોકો વહેલી સવારે ગાર્ડનમાં નજરે પડ્યાં હતાં.

શહેરમાં લૉ ગાર્ડનમાં કસરત કરવા માટે આવેલા નાનુભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ દોઢ વર્ષ બાદ આજે ગાર્ડનમાં આવ્યા છે. ગાર્ડનમાં આવ્યો તો આજે કાશ્મીર જેવો અનુભવ થયો. અહીંની હરિયાળી, શુદ્ધ ઓક્સિજન અને લોકોના મુખ પર સ્મિત જોઈને જે આનંદ થયો છે એની વાત જ કંઈક અલગ છે. હું ઘણાં વર્ષોથી અહીં આવું છું. હું રેગ્યુલર સાઇકલ ચલાવું છું, સ્વિમિંગ કરું છું. કસરત સાથે મિત્રો સાથેની મુલાકાતમાં જ અનેરો આનંદ મળે છે. આજે અદ્ભુત આનંદનો અનુભવ થયો છે.

## મહેસાણામાં ટેક્સ આસિસ્ટન્ટ અને પટાવાળો ૪૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

મહેસાણા,તા.૧૧

જિલ્લાની ઈક્રમટેક્ષ ઓફિસમાં એક અરજદારનું પાનકાર્ડ ખોવાઈ ગયું હોવાથી તેના નંબરની જાણકારી માટે સંપર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં ટેક્સ અસિસ્ટન્સના ટેબલ પર પોતાનો પાનકાર્ડ નંબર જાણવા રકજક કરતા ટેક્સ આસિસ્ટન્ટ હર્ષદભાઈ નાયી અને પટાવાળો અલ્પેશ શ્રીમાળી દ્વારા ૫૦૦ રૂપિયાની લાંચ માગવામાં આવી હતી.

આ અરજદાર લાંચ આપવા ન ઈચ્છતા હોવાથી તેમને સમય સુચકતા અને સાવધાનીપૂર્વક મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી ટીમનો સંપર્ક કર્યો હતો. જે બાદ એસીબીની ટીમે અરજદાર સાથે રહી મહેસાણા ઈક્રમટેક્સ ઓફિસમાં છટકું ગોઠવી ટેક્સ આસિસ્ટન્ટ વતી ૪૦૦ રૂપિયાની લાંચ લેતા પટાવાળાને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

મહેસાણા એસીબીની ટીમે મહેસાણા ઈક્રમટેક્સ ઓફિસમાં લાંચીયા કર્મચારીઓને પકડવામાં સફળતા મળી હતી.

## સૌરાષ્ટ્રને મોટી ભેટ, રાજકોટમાં બનશે અમૂલનો દૈનિક ૩૦ લાખ લિટર ક્ષમતાનો પ્લાન્ટ

રાજકોટ,તા.૧૧

સૌરાષ્ટ્ર કચ્છને આગામી સમયમાં મોટી ભેટ મળવા જઈ રહી છે. દુનિયાના ડેરી બિઝનેસમાં પોતાનો અને સાથે સાથે ગુજરાતનો ડંકો વગાડનારી અમૂલ રાજકોટમાં પોતાનો ડેરી પ્લાન્ટ સ્થાપશે. આ માટે રાજકોટ જિલ્લા તંત્ર દ્વારા ડેરીના પ્લાન્ટ માટે જામનગર રોડ તરફ આવેલા આનંદપરા ગામમાં ૧૦૦ એકર જમીન પસંદ કરવામાં આવી છે. આ જગ્યાને અમૂલ બ્રાન્ડનું પ્રોડક્શન કરતી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનને પ્લાન્ટ સેટ અપ કરવ માટે ટોકન ભાવે આપવામાં આવશે. આ પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય જીસીએમએમએફ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૦માં પોતાની બોર્ડ મિટિંગમાં લેવામાં આવ્યો હતો.

ડેરી દ્વારા પ્લાન્ટ સ્થાપવા માટે સરકાર પાસે જમીન ટોકન દરે આપવા માટે માગણી કરવામાં આવી હતી. રાજકોટમાં બનનારો પ્લાન્ટ ગાંધીનગરમાં બની રહેલા તેના સૌથી મોટા ૫૦ લાખ લીટર ડૈઈલી કેપેસિટી ધરાવતા પ્લાન્ટ પછી બીજા નંબરનો પ્લાન્ટ બની શકે છે. ફેડરેશન આ માટે રુ. ૨૦૦ કરોડના ખર્ચે પ્રતિ દિવસ ૩૦ લાખ લિટર દૂધના પ્રોસેસિંગની કેપેસિટી ધરાવતો પ્લાન્ટ સ્થાપવા માગે છે. જેનાથી રાજકોટ, સૌરાષ્ટ્ર અને કચ્છના દુધ ઉત્પાદકોને સીધો ફાયદો થશે.રાજકોટના જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને કહ્યું કે 'અમે ફેડરેશનને આપવા માટેની જમીનની ઓળખ કરી લીધી છે. જે રાજકોટ અમદાવાદ હાઈવે પર શહેરના બહારના વિસ્તારમાં આનંદપર-નવાગામ વિસ્તારમાં છે. જો આ જગ્યાએ દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવશે તો તેનાથી સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના પશુપાલકો અને દૂધ ઉત્પાદકો માટે ખૂબ સારા સમાચાર બની રહેશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001